# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 11-10-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-PM ધન ધાન્ય યોજના પ્રારંભ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હીમાં પ્રધાનમંત્રી ધન ધાન્ય યોજના અને કઠોળમાં આત્મનિર્ભરતા મિશનનો પ્રારંભ કરશે.

કૃષિ મંત્રાલયે જણાવ્યું હતું કે પ્રધાનમંત્રી ધન ધાન્ય કૃષિ યોજના દેશભરના 100 ઓછી ઉત્પાદકતા ધરાવતા જિલ્લાઓમાં વ્યાપક કૃષિ વિકાસ હાથ ધરશે. આ યોજનાનો ઉદ્દેશ્ય ખેડૂતોની આવકમાં નોંધપાત્ર વધારો કરવાનો અને દરેક ખેતર માટે સિંચાઈ સુવિધાઓ સુનિશ્ચિત કરવાનો છે.

---------------------------------------------------------------------------------------------

## રાજ્ય-મુખ્યમંત્રી-VGRC સમાપન:

રાજ્યમાં સૌપ્રથમ વખત મહેસાણામાં યોજાયેલી વાયબ્રન્ટ ગુજરાત પ્રાદેશિક પરિષદ – VGRCનું ગઈકાલે સમાપન થયું. સમાપન સમારોહને સંબોધતા મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું, લોકોની ભાગીદારીથી દરેક ગામ, દરેક પ્રદેશ સુધી વિકાસ તેમના સુધી પહોંચાડવાનો પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીનો સંકલ્પ આ પરિષદથી પાર પડશે. પ્રથમ VGRC-ની સફળતા “વૉકલ ફૉર લૉકલ” અને “ગામથી વિશ્વ”ની દિશામાં આગળ વધવાનો વિશ્વાસ દ્રઢ બનાવે છે તેમ પણ શ્રી પટેલે ઉમેર્યું.

બે દિવસની પરિષદમાં અંદાજે ત્રણ લાખ 24 હજાર કરોડના રોકાણ થયા. તેનાથી ઉત્તર ગુજરાતમાં ભવિષ્યમાં પ્રાદેશિક વિકાસને નવી ગતિ મળશે તેવો શ્રી પટેલે વિશ્વાસ વ્યક્ત કર્યો.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી, ભાગીદાર દેશ અને દેશ-વિદેશના પ્રતિનિધિમંડળ તથા રાજ્યના કર્મયોગીઓને આ VGRCની સફળતાનો સંપૂર્ણ શ્રેય જાય છે તેમ શ્રી પટેલે ઉંમેર્યું.

---

## રાજ્ય-મુખ્યમંત્રી-201 નવી એસ.ટી. બસ લોકાર્પણ:

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગઈકાલે ગાંધીનગર ખાતેથી એસ.ટીની નવી 201 બસને લીલીઝંડી આપી. એસ. ટી. નિગમ દ્વારા દિવાળી નિમિત્તે નવી બસ ઉપરાંત વધારાની 4 હજાર 200 બસના સંચાલનનો પણ શ્રી પટેલે પ્રારંભ કરાવ્યો.આ પ્રસંગે ઉપસ્થિત વાહન વ્યવહાર રાજ્યમંત્રી હર્ષ સંઘવીએ કહ્યું જરૂર મુજબ વધારાની બસોની પણ વ્યવસ્થા કરાશે.

---

## કચ્છ-ખડીર-નર્મદા પાણી:

રાજ્ય સરકારે કચ્છના ખડીર વિસ્તારમાં નર્મદાનું પાણી આપવાનો નિર્ણય કર્યો છે. આ માટે સરકારે 451 કરોડ રૂપિયાથી વધુની રકમને મંજૂરી આપી છે. આ અંગે જળસંપત્તિ મંત્રી કુંવરજી બાવળિયાએ કહ્યું, આ આયોજનથી ખડીર વિસ્તારના 194 તળાવ અને છ નાની સિંચાઈ યોજનાઓમાં પાણી પહોંચશે. તેનાથી ઐતિહાસિક ધોળાવીરા સહિત 10 ગામની પાંચ હજાર 492 હેક્ટર જમીન નવ પલ્લવિત થશે.

ભચાઉ તાલુકાના ખડીર વિસ્તાર માટે પાણીની સમસ્યાના નિવારણ અને ભૂગર્ભ જળનો ઉપયોગ ઘટાડી ભૂગર્ભ જળ સપાટી ઉપર લાવવા નર્મદાના પૂરના વધારાના પાણીને પાઈપલાઈન દ્વારા પહોંચાડવા આ નિર્ણય કરાયો હોવાનું શ્રી બાવળિયાએ જણાવ્યું હતું.

---

## કચ્છ-દીન દયાલ પોર્ટ-ગ્રીન હાઈડ્રોજન હબ માન્યતા:

નવીન અને નવીનીકરણીય ઊર્જા મંત્રાલયએ રાષ્ટ્રીય ગ્રીન હાઇડ્રોજન મિશન (NGHM) હેઠળ ગ્રીન હાઇડ્રોજન હબ તરીકે ત્રણ મુખ્ય બંદરને  ઔપચારિક માન્યતા આપી છે. જેમાં

ગુજરાતના દીનદયાળ પોર્ટ ઓથોરિટી કંડલાનો સમાવેશ થાય છે. આ માન્યતા એક સંકલિત હાઇડ્રોજન ઇકોસિસ્ટમ બનાવવા અને સ્વચ્છ ઊર્જા તરફ ભારતના સંક્રમણને આગળ વધારવા તરફ એક મહત્વપૂર્ણ પગલું દર્શાવે છે.

કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી, સર્બાનંદ સોનોવાલે જણાવ્યું હતું કે, "આ માન્યતા ભારતની દરિયાઈ યાત્રામાં એક નિર્ણાયક ક્ષણ છે કારણ કે આપણે વૈશ્વિક દરિયાઈ ક્ષેત્રમાં આધુનિક, સક્ષમ અને અગ્રણી બનવા તરફ ગતિ કરી રહ્યા છીએ. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીના સ્વપ્નદ્રષ્ટા નેતૃત્વ હેઠળ, અમે ટકાઉ વિકાસની એક ઇકોસિસ્ટમ બનાવવા માટે કામ કરી રહ્યા છીએ જે ભારતને 2070ના વર્ષ સુધીમાં નેટ ઝીરો બનવાના વિઝનને સાકાર કરવા માટે શક્તિ આપશે.

---

## ભારત વિકાસ સપ્તાહ-રોગ નિદાન કેમ્પ:

ભુજમાં નેશનલ આયુષ મિશન અંતર્ગત સરકારી આયુર્વેદ હોસ્પિટલ દ્વારા આયોજિત આયુર્વેદ તથા હોમિયોપેથી અને યોગ દ્વારા ભારત વિકાસ સપ્તાહની ઉજવણી બાબતે ચામડીના રોગો, પેટના વિવિધ રોગો-કબજિયાત તથા વૃદ્ધાવસ્થાના રોગો માટે નિ:શુલ્ક નિદાન-સારવાર-સલાહ કેમ્પનું આયોજન આજે સવારે સરકારી આયુર્વેદ હોસ્પિટલ ખાતે કરવામાં આવ્યું છે. તેમ સરકારી આયુર્વેદ હોસ્પિટલની એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

---

## કચ્છ-હવામાન:

દિવાળી પૂર્વે જ કચ્છનાં વાતાવરણમાં વિષમતાનું પ્રમાણ વધ્યું છે. દિવસે ઊંચકાયેલા મહત્તમ તાપમાન સાથે લોકો ગરમીનો અનુભવ કરી રહ્યા છે, તો વહેલી સવારના ગાળામાં વાતાવરણમાં શીતળતાનો અનુભવ થઈ રહ્યો છે. નલિયા રાજ્યનું મોખરાનું ગરમ મથક બન્યું હતું. હજુ નવેમ્બરના અંત સુધી આવું વાતાવરણ અનુભવાતું રહેશે તેવું હવામાન વિભાગ દ્વારા જણાવાયુ છે.

---

## કચ્છ-ભુજ-જ્ઞાન સહાયક ભરતી ભુજ:

કચ્છ જીલ્લામાં  જ્ઞાનસહાયકની ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી જે અંતર્ગત 570 જ્ઞાન સહાયકના કરાર રિન્યુ કરાયા હતા.  અત્રે ઉલ્લેખનીય છે કે  કચ્છમાં  ધોરણ 1 થી 5માં  બે હજાર પાંચસોની વિશેષ ભરતી પ્રક્રિયા હાથ ધરાઈ હતી. જેમાં  952 વિધા સહાયક મળ્યા હતા. રાજ્યના શિક્ષણ વિભાગે  ખાલી જગ્યાઓ ભરવા જ્ઞાન સહાયકની ભરતી કરવા  આદેશ આપ્યો હતો.  જે અંર્તગત જીલ્લા મથક ભુજમાં જીલ્લા શિક્ષણ તાલીમ ભવન ખાતે ભરતી પ્રક્રિયાનું આયોજન કરાયુ હતું.

---